# પ્રાંતિજમાં ભાજપની જન આશીર્વાદ યાત્રા યોજાઈ

## મજરા, તાજપુર, પ્રાંતિજ, પોગલુ, સલાલ સહિત તલોદમાં યાત્રા પહોંચી : ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા : જન આશીર્વાદ યાત્રામાં મંત્રી ગજેન્દ્રસિંહનુ ઠેરઠેર ભવ્ય સ્વાગત





પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા ખાતે થી મંત્રી ગજેન્દ્રસિંહ ની જન આશીર્વાદ યાત્રા નો પ્રારંભ થયો હતો તો તાજપુર ખાતે સભા યોજાઈ હતી અને પ્રાંતિજ પોગલુ , સલાલ સહિતના વિસ્તારોમાં જન આશીર્વાદ યાત્રા નિકળી હતી

ગુજરાત સરકાર ના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની સરકાર નુ મંત્રી મંડળ દ્વારા જન આશીર્વાદ યાત્રા નુ આયોજન કરવામા આવ્યુ છે જેમા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય અને રાજય કક્ષા ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ની પોતાના વિસ્તાર મા જન આશીર્વાદ યાત્રા યોજી હતી જેમા પ્રાંતિજ ના મજરા ખાતે આવેલ દાદા ભૈરવ નાથના મંદિર થી દાદાના દર્શન કરી યાત્રા નો પ્રારંભ કર્યો હતો તો મજરા ખાતે મંત્રી ગજેન્દ્રસિંહ પરમારની જન આશીર્વાદ યાત્રા નુ મજરા ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા ફટાકડા ફોડીને કુમકુમ તિલક કરી ને ભવ્ય સ્વાગત કર્યુ હતુ તો ત્યારબાદ જન આશીર્વાદ યાત્રા પ્રાંતિજ ના તાજપુર ખાતે આવેલ તાજપુર હાઈસ્કુલમાં સભામાં ફેરવાઈ હતી તો તાજપુર સહિત આજુબાજુ ના લોકો સભા મા ઉપસ્થિત રહ્યા હતા અને ત્યાંથી પ્રાંતિજ પોલિસ સ્ટેશન ખાતે જન આશીર્વાદ યાત્રા આવી પોહચતા મહિલા મોરચાના પ્રમુખ-મંત્રી સહિતની બહેનો દ્વારા કુમકુમ તિલક કરી ફુલહાર પહેરાવીને સ્વાગત કર્યુ હતુ અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી નાની ભાગોળ ખુલ્લી જીપમા જન આશીર્વાદ યાત્રા ડીજે સાથે નિકળી હતી અને નાનીભાગોળ ખાતે જઈ ને સરદાર પટેલ ના બાવળાને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા ફુલહાર પહેરાવવામા આવ્યા હતા તો સાંસદ દિપસિંહ દ્વારા સરદાર પટેલને કુમકુમ તિલક કરવામા આવ્યુ હતુ તો ત્યાંથી જન આશીર્વાદ યાત્રા રાવળ વાસ ખાતે પોહચી હતી જયા રાવળ સમાજ ના મંદિર ખાતે મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે દર્શન કરી મા ના આશીર્વાદ લીધા હતા અને નગર પાલિકાના કોર્પોરેટર દિલીપભાઈ રાવળ તથા સમાજના લોકો દ્વારા મંત્રી ગજેન્દ્રસિંહ અને સાંસદ દિપસિંહને ફુલહાર પહેરાવી ને સ્વાગત કયુ હતુ તો ત્યાંથી જન આશીર્વાદ યાત્રા પ્રાંતિજ ના ત્રણ રસ્તા ખાતે પોહચી હતી અને ત્યા એપ્રોચરોડ ઉપર રોડ ની સાઈડ મા આવેલ ફુટપાથ ઉપર વુક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો હતો અને ત્યાંથી જન આશીર્વાદ યાત્રા પોગલુ ખાતે અને ત્યાંથી સલાલ સહિત પ્રાંતિજ તાલુકાઓ મા નિકળી હતી અને ત્યાંથી તલોદ ખાતે જઈ હતી તો જન આશીર્વાદ યાત્રા મા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ નગર પ્રાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, ભાજપ શહેર પ્રભારી કલ્પીતભાઈ દવે, ડાૅ નૃપાશ ભાઈ પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ , નગરપાલિકાકોર્પોરેટરરાજેશ ટેકવાણી, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, મંત્રી ગીરીશભાઈ પટેલ, મંત્રી નિકુંજભાઈ રામી, મહિલા મોરચાના પ્રમુખ ભગવતી બેન પટેલ , જીજ્ઞા સોની, રિદ્ધિ ભટ્ટ, ભગવતી બેન પટેલ, જીનલ પટેલ, સહિત ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો નગર પાલિકા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

## દેમતી પ્રાથમિક શાળામાં ગાંધી જયંતિ ઉજવાઈ



બાયડ,( બ્યુરો ઓફીસ) તા.૨

પોશીના તાલુકાના દેમતી પ્રાથમિક શાળામાં ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી .જેમાં પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી સાચા અર્થમાં ગાંધી જયંતિ ને સાર્થક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર દેશ અને દુનિયાને સ્વચ્છતા , સફાઈ અને અહિંસાનો સંદેશ આપનાર રાષ્ટ્રપિતા ગાંધીજી ની જન્મ જયંતિ નિમિતે શાળામાં ચિત્ર સ્પર્ધા , વકૃત્વ સ્પર્ધા , અને સફાઈ કાર્યક્રમનું મહા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.શાળાના આચાર્ય શ્રી મનીષભાઈ અને ભાવિકભાઈ પટેલ,અતુલ ભાઈ ડામોર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ તબક્કે શાળા એસ એમ સી અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## મોડાસાના મહાદેવ ગામના મીની રાજઘાટ ખાતે સામાજીક સંસ્થાઓ દ્વારા ગાંધીજીને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા

મોડાસા તા.૨

અરવલ્લી જિલ્લાના મોડાસાના મહાદેવગામ ખાતે આવેલા દિલ્હી રાજઘાટ પર ગાંધીજીના જ્યાં અસ્તિ વિસર્જન કરવામાં આવ્યા હતા. જેમાં મેશ્વો ઝુમ્મર નદી કિનારે આવેલા હાથિયા ડુંગર પર મિનિટ રાજગઢ કે જ્યાં ગાંધીજીના અનુયાયીઓ દ્વારા તેમના અસ્થિ વિસર્જન કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત મહાદેવગામના મીની રાજઘાટ પૂર્વ સાંસદશ્રી મહેન્દ્રસિંહના પ્રયત્નોને કારણે દિલ્હીમાં જેવો રાજઘાટ બનાવવામાં આવ્યો છે. જયા ૧૫૨ મી ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે અરવલ્લી જિલ્લામાં કામ કરતી સામાજીક સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શ્રદ્ધા સુમન આપવામાં આવ્યા. જયન્ટ્સ



મોડાસા, સ્વદેશી જાગરણ મંચ અરવલ્લી જિલ્લા સ્કાઉટ ગાઈડ અરવલ્લી, જિલ્લા મોડાસા કોલેજ એનએસએસ ના વિદ્યાર્થીઓ, મહાદેવ ગામ સ્કૂલ ના બાળકો દ્વારા વૈષ્ણવજન તો તેને રે કહીએ ભજન થી શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી સંયોજકનીલેશ જોશી, સ્વદેશી જાગરણ મંચ, અરવલ્લી જિલ્લા સંયોજકશ્રી સુરેન્દ્રસિંહ રાઠોડ, શ્રી ભીખુ પરમાર, સરપંચશ્રી જસુસિહ, મામલતદારશ્રી ગઢવી તથા મોટી સંખ્યામાં ગાંધીયન હાજર રહ્યા હતા.

## મોડાસામાં નવીન શુભારંભ થયેલ બેંક ઓફ મહારાષ્ટ્ર ખાતે વિશ્વ વૃદ્ધ દિવસનું આયોજન

મોડાસા. તા. ૨

મોડાસામાં તાજેતરમાં જ શરૂ થયેલ બેક્ર ઓફ મહારાષ્ટ્ર ગ્રાહકોની સેવાના નિર્ધાર સાથે ખૂબ સુંદર રીતે કાર્ય કરી રહી છે બેક્રના શાખા પ્રબંધક તેઓની આગવી સૂઝબૂઝથી ગ્રાહકો સાથે ફક્ત નાણાંકીય વ્યવહાર માટે નહીં પરંતુ તેમની સાથે આત્મીયતાના સંબંધો કેળવવામાં પણ અગ્રેસર રહ્યા છે ત્યારે બેંક ના શાખા પ્રબંધક અને તમામ કર્મચારીઓ નો લોકો પ્રત્યે આત્મીયતા સાથેનો સંબંધ કેળવાય અને લોકોને બેક્ર ઓફ મહારાષ્ટ્ર તેઓની પોતાની બેંક છે તેવી લાગણીનો ભાવ ઉત્પન્ન થાય તે દિશામાં આગળ વધતા તારીખ ૧ ઓક્ટોબરના રોજ વિશ્વ વૃદ્ધ દિવસનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત મોડાસા નગરના વૃદ્ધોને બેંક ખાતે આમંત્રણ આપી તેઓનું સન્માન કરી વૃદ્ધો પ્રત્યે પોતાનું ભાવ પ્રદર્શિત કર્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત તત્વ કોલેજ ના ડાયરેકટરશ્રી તથા ન્યુઝ મેનેજરશ્રી સંતોષ શર્માનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે વધુમાં જણાવ્યું હતું કે બેંક નો આ નવતર અભિગમ બેંકનું કામકાજ તો આગળ વધારશે જ પણ



અરવલ્લીના તંત્રી જયદત્તસિંહજી પુવારએ સમાજમાં અને કુટુંબમાં વૃદ્ધોનું મહત્વનું સમજાવ્યું હતું. તેમજ હાજર તમામ વડીલોના આશીર્વાદ મળ્યા હોવાની વાત કરી વડીલોનું ઋણ સમાજે ચૂકવવુ જ રહ્યું, તેવી વાત કરી બેંક સાથે સાથે સમાજમાં એક અતુટ બંધન અને બેંક પ્રત્યે નાગરિકો એક અતુટ બંધન થી જોડાશે જેનાથી સુદ્રઢ સમાજ વ્યવસ્થા ઉભી કરવામાં પણ મદદ મળશે. આ કાર્યક્રમમાં બેંકના તમામ કર્મચારીશ્રીઓ તથા વૃદ્ધ વડીલશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ચોમાસાની વિદાયના કુદરતી સંકેત

## જિલ્લામાં પરોઢે ઠાર પડ્યો - બપોરે ઉનાળા જેવી ગરમી

બાયડ, તા. ૨

સાબરકાંઠા - અરવલ્લીમાં ચોમાસાની ગમે તે ઘડીએ વિદાયના કુદરતી સંકેત મળ્યા છે. જિલ્લામાં પરોઢે ઠાર અને બપોરે ઉનાળા જેવી ગરમીથી મિશ્ર ઋતુ માહોલ ઊભો થતાં વાયરલ બિમારી માથું ઉંચકે તેવી દહેશત સેવાય છે.

**વાયરલ બિમારી માથું ઉચકવાની દહેશત**

હવામાન વિભાગ - જયોતિષીઓએ ગત મે મહિનામાં સારા ચોમાસાની આગાહી કરી હતી પરંતુ સાબરકાંઠા અરવલ્લીમાં વરસાદની સરેરાશ ૩૮ ટકા ઘટથી ચિંતાઓ હાવી થઈ છે. અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદ ને બદલે વધુ ગરમી પ્રકોપ જોવા મળી રહ્યો છે. સતત વરસાદની ચિંતા વચ્ચે માત્ર ભાદરવા મહિનામાં વરસાદે ખેડૂતોને રાહત આપતાં ખરીફ પાકની ચિંતા હળવી થઈ પરંતુ જયાશયોમાં ધારણા પ્રમાણે પાણીની આવક થઈ નથી જેના કારણે શિયાળું ઉનાળું ખેતીમાં સિંચાઈના પાણી માટે સંકટ ઊભું થયું છે. જિલ્લામાં પાછલા ૨ દિવસથી સવારે ઠાર પડી રહ્યો છે. અને ઝાકળ વર્ષા પછી ચોમાસું એક પખવાડિયામાં વિદાય લે તેવું ખેડૂતોનું અનુમાન જોતાં ઓકટોબરમાં ગમે ત્યારે ચોમાસાની વિદાય નિશ્ચિત બની છે. મેઘરાજા હવે ૪ થી ૬ ઈંચ જેટલો વરસાદ નહીં વરસાવે તો કેટલીક ખરીફ ખેતી માટે નબળું ચિત્ર જોવા મળી શકે છે.

## ધનસુરા પોલીસે અપહરણ ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો

મોડાસા તા.૨

રાજ્ય ભરમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ગુજરાત પોલીસ વડાની સુચનાઓ અને માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લાના ધનસુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુન્હા તથા પોકસો



કલમ એક્ટ ૧૨ મુજબના કામે અયોધ્યાનગર સોસાયટી ધનસુરાથી ફરિયાદીની સગીર વયની દિકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવા તથા જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયેલ જે અપહરણના બનાવના અનુસંધાને પો.ઈ એસ.એન પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર બી.એસ ચૌહાણ તથા પોલીસના માણસોની ટીમ બનાવી અપહરણના ગુન્હાના આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢવા ચક્રગતિમાન કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન અપહરણ કરનાર આરોપી જતીન કુમાર ભલાભાઈ વાઘેલા ઉમર. ૧૯ વર્ષ રહે વૃંદાવન સોસાયટી ધનસુરા વાડાને ઝડપી પાડી ગુન્હાના કામે અટક કરવામાં આવી હતી. અપહરણ ના ગુનાના આરોપી તથા ભોગ બનનાર ને શોધી કાઢવામાં ધનસુરા પોલીસને સફળતા મળી હતી.

## શ્રીમતી સાળવી પ્રા.શાળા,પાલનપુર ખાતે ‘એક યાદ બાપુ કે નામ’ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨

શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ,પાલનપુર સંદર્ભે ‘એક યાદ બાપુ કે નામ’ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે



સંચાલિત સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ સંલગ્ન શ્રીમતી એસ.સી.સાળવી અને શ્રીમતી એમ.એસ.સાળવી પ્રા.શાળા ખાતે ગાંધી જયંતિ ગાંધીકથાઓ માટે જાણિતા વાચક,વિચારક તથા કટાર લેખક નાગેશભાઈ જોષી અને બાળ કલ્યાણ સમિતિ,બ.કાં.ના ચેરમેન તથા રેડિયો પાલનપુરના ડિરેકટર અનિકેતભાઈ ઠાકર ૯૦.૪ હ્વ.સ. સહિત મંડળના સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાળકો દ્વારા ગાંધી વિચારને લગતા વકતવ્યો,ગાંધી ગીતો,અભિનય ગીત,નાટક રજુ કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને ગાંધીજીના પ્રેરણાત્મક પ્રસંગો રજુ કર્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળના પ્રમુખ રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળના આચાર્ય મહેશભાઈ પટેલ અને ઉપાચાર્ય રવિન્દ્રભાઈ મેણાત અને શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યુ હતું કાર્યક્રમનુ એકરીંગ ભરતભાઈ રાવતે હતું.

## બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં ગાઈડલાઈન સાથે નવરાત્રી મહોત્સવ યોજાશે

### ખેલૈયા હરખાયા - કોરોનાની સંપૂર્ણ ગાઈડ લાઈનનું પાલન કરાશે : ૪૦૦ લોકોની મર્યાદામાં ઊજવણી

બાયડ, તા. ૨

બાયડના પ્રસિદ્ધ સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં આ વર્ષે નવરાત્રી મહોત્સવ યોજાશે. નવરાત્રિનું આયોજન કરાતાં ખેલૈયાઓ હરખાયા છે. જયારે નવરાત્રિના ૮ દિવસ દરમિયાન સંપૂર્ણપણે કોરોના ગાઈડલાઈનના નિયમોનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

ગત વર્ષ કોરોના સંક્રમણ બેકાબૂ થતાં નવરાત્રી પર્વની ઉજવણી મુલત્વી રહી હતી. પરંતુ આ વર્ષે સંક્રમણ હળવું અને રાજય સરકારે ૪૦૦ લોકોની ઉપસ્થિતિમાં શેરી ગરબાની છૂટ આપતાં બાયડ સ્વામિનારાયણ સોસાયટી નવરાત્રી આયોજકો દ્વારા ગત રાત્રે મીટીંગ યોજાઈ હતી. તેમાં સંપૂર્ણ કોરોના ગાઈડલાઈનના અમલ સાથે નવરાત્રી પર્વ યોજવાનો સામૂહિક નિર્ણય લેવાયો હતો. પાછલા દોઢ દાયકાથી સ્વામિનારાયણ સોસાયટીનો નવરાત્રી મહોત્સવ સમગ્ર જિલ્લામાં જાણીતો છે. સોસાયટી વિસ્તારના ખેલૈયાઓએ નવરાત્રીનું આયોજન થતાં ખુશાલી વ્યક્ત કરી છે.

### નવરાત્રી આયોજન માટે રહીશોએ ઉદાર હાથે ફાળો આપ્યો

બાયડ, તા. ૨

કોરોનાના કારણે વેપારી - અનેક પરિવારો પાયમાલ થયા છે ત્યારે નવરાત્રીના આયોજન માટે ફાળો મળશે કે કેમ !! તેની અવઢવ વચ્ચે પ્રથમ બેઠકમાં સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૧-૨ના રહીશોએ ઉદાર હાથે ફાળો આપવાનો નિર્ણય કરતાં આયોજકોમાં ખુશાલી જોવા મળી.

## જન્મદિને વધામણી


અમૃતભાઈ પટેલ
બુટાલ તા.ધનસુરા


દિપક પટેલ
રમાસ હાઈસ્કૂલ
રમાસ તા. બાયડ


વીરેન્દ્ર (વિકી) જશુભાઇ પટેલ
પ્રમુખ,અરવલ્લી જિલ્લા તલાટી મંડળ
બાયડ


ગુરૂ પટેલ
બાયડ


દિનેશ ગોસ્વામી
બાયડ


ડો.મહેન્દ્રભાઈ બી.પટેલ
બાયડ


મનોજ ભાઈ વી.ભાટિયા
કલાર્ક, બાયડ હાઈસ્કૂલ
બાયડ ગામ


તેજસ(મોન્ટુ) વી.પટેલ
બાયડ જી.અરવલ્લી